# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

***************************************************

1) વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રીએ અરવલ્લી પર્વતમાળાના પુનઃવનીકરણ કરવાના ઉદ્દેશ સાથે નવી દિલ્હીમાં વૃક્ષારોપણ કર્યું.

2) 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં બહાદુરી દર્શાવનારી કચ્છની મહિલાઓએ ભેટમાં આપેલો સિંદૂરનો છોડ પ્રધાનમંત્રીએ તેમના નિવાસસ્થાને રોપ્યો.

3) બેંગલુરુમાં ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ભાગદોડની દુર્ઘટના મામલે કર્ણાટક વડી-અદાલત આજે જાહેર હિતની અરજીની સુનાવણી કરશે.

4) સિક્કિમના ચાટેનમાં ફસાયેલા પ્રવાસીઓને સલામત સ્થળે પહોંચાડવાની કામગીરી ફરી શરૂ.

5) ઈદ-ઉલ-અઝહાના પ્રસંગે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આયાત-નિકાસ દસ દિવસ માટે સ્થગિત.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# DAY- PM-ENVIRONMENT DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નવી દિલ્હીના ભગવાન મહાવીર વનસ્થલી પાર્ક ખાતે એક વિશેષ વૃક્ષારોપણ અભિયાનનું નેતૃત્વ કર્યું. શ્રી મોદીએ એક પેડ મા કે નામ પહેલ હેઠળ વડનો છોડ વાવ્યો. અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટના ભાગ રૂપે આ છોડ રોપવામાં આવ્યો હતો જેનો ઉદ્દેશ અરવલ્લી પર્વતમાળાના 700 કિલોમીટરના વિસ્તારમાં પુનઃવનીકરણ કરવાનો છે.

આ પ્રોજેક્ટનો હેતુ દિલ્હી, રાજસ્થાન, હરિયાણા અને ગુજરાત સહિત ચાર રાજ્યોના 29 જિલ્લામાં અરવલ્લી પર્વતમાળાની આસપાસના પાંચ કિલોમીટરના બફર વિસ્તારમાં હરિયાળી ફેલાવવાનો છે. તેનો ઉદ્દેશ વનીકરણ, પુનઃવનીકરણ અને જળાશયોના પુનઃસ્થાપન દ્વારા અરવલ્લીની જૈવવિવિધતાને વેગ આપવાનો છે. સાથોસાથ આ યોજના દ્વારા પ્રદેશની જમીનની ફળદ્રુપતા, પાણીની ઉપલબ્ધતા અને આબોહવા સ્થિતિસ્થાપકતામાં સુધારો કરવાનો પણ છે. આ પ્રોજેક્ટ સ્થાનિક સમુદાયોને રોજગાર અને આવક ઉત્પન્ન કરવાની તક પૂરી પાડીને લાભ કરશે.

આ પ્રસંગે, પ્રધાનમંત્રી મોદીએ દિલ્હી સરકારની ટકાઉ પરિવહન પહેલ હેઠળ 200 ઇલેક્ટ્રિક બસોને લીલી ઝંડી પણ આપી હતી.

# PM-SINDOOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને સિંદૂરનો છોડ રોપ્યો હતો.

1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન અસાધારણ હિંમત અને દેશભક્તિ દર્શાવનારા કચ્છની બહાદુર માતાઓ અને બહેનો દ્વારા ભેટમાં આપવામાં આવેલા છોડ વાવ્યો હતો. તાજેતરની ગુજરાત મુલાકાતને યાદ કરતાં શ્રી મોદીએ કહ્યું હતું કે, સિંદૂર પ્લાન્ટની ભેટ દેશની મહિલા શક્તિની બહાદુરી અને પ્રેરણાનું મજબૂત પ્રતીક રહેશે.

# PM--WORLD-ENVIRONMENT-DAY

પ્રધાનમંત્રીએ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પૃથ્વીનું રક્ષણ કરવા અને પડકારોનો સામનો કરવા લોકોને તેમના પ્રયાસોને વધુ મજબૂત બનાવવા અપીલ કરી છે. પર્યાવરણના સંરક્ષણ અંગે સોશિયલ મીડિયા પર એક વિડિઓ રજૂ કરતા, શ્રી મોદીએ પર્યાવરણને હરિયાળું અને વધુ સારું બનાવવા માટે પાયાના સ્તરે કામ કરી રહેલા તમામ લોકોની પ્રશંસા કરી.

(BYTE : PM NARENDRA MODI)

# PM-GARIB-KALYAN

પ્રધાનમંત્રીએ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવા,તેમના સશક્તિકરણ અને માળખાગત સુવિધાઓ પર સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાંઓ પર પ્રકાશ પાડ્યો. સોશિયલ મીડિયાના માધ્યમથી, શ્રી મોદીએ જણાવ્યું કે પીએમ આવાસ યોજના, પીએમ ઉજ્જવલા યોજના, જન ધન યોજના અને આયુષ્માન ભારત જેવી પહેલોએ આવાસ, સ્વચ્છ રસોઈ ઇંધણ, બેંકિંગ અને આરોગ્યસંભાળની પહોંચમાં વધારો કર્યો છે. તેમણે જણાવ્યું કે પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ, ડિજિટલ સમાવેશન અને ગ્રામીણ માળખાગત સુવિધાઓ સહિતના લાભોની ઝડપી પહોંચ સુનિશ્ચિત થઈ છે.

શ્રી મોદીએ 25 કરોડથી વધુ લોકોને ગરીબીમાંથી મુક્ત કરવામાં મદદરૂપ પહેલોની ભૂમિકા પર ભાર મૂક્યો.તેમણે એક સમાવિષ્ટ અને આત્મનિર્ભર ભારત બનાવવા સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

# K'TAKA HC - CHINNASWAMY STAMPEDE

ચિન્નાસ્વામી સ્ટેડિયમની ભાગદોડમાં ગઈકાલે રાત્રે બેંગલુરુમાં 11 લોકોના મોત મામલે કર્ણાટક વડી અદાલત આજે સુનાવણી કરશે, બપોર બાદ થનારી સુનાવણીમાં મૃત્યુના કારણો, કાર્યક્રમની વ્યવસ્થા અને કર્ણાટક સરકાર દ્વારા હાથ ધરાયેલ સલામતી અને સલામતીના પગલાં અંગે વિગતો મેળવવા અંગેના મુદ્દા સુનાવણીમાં આવરી લેવાશે.

કર્ણાટક વડી અદાલત સમક્ષ આ દુર્ઘટના અંગે જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે. રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે રાજ્ય સરકારને આ દુઃખદ ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવા જણાવ્યું છે અને મૃતકના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા બસવરાજ બોમ્મઈએ આ ઘટનાની ન્યાયિક તપાસની માંગ કરી છે. ભાગદોડના પીડિતોની મુલાકાત લીધા પછી, તેમણે ભીડના પ્રવાહ અંગેના સુરક્ષા ઇનપુટ્સ અને ગુપ્ત અહેવાલની અવગણના કરવા માટે રાજ્ય સરકારને દોષી ઠેરવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ASHWINI VAISHNAV

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, ભારતીય રેલ્વેએ સ્વચ્છ પરિવહન પદ્ધતિ અપનાવવા કાર્બન ઉત્સર્જન ઘટાડવાના તેના પ્રયાસોને વેગ આપ્યો છે. વર્ષ 2070 સુધીમાં-શૂન્ય ઉત્સર્જન પ્રાપ્ત કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પંચામૃત લક્ષ્યો સાથે સુસંગત છે.

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે એક અંગ્રેજી દૈનિકમાં લખેલા લેખમાં, શ્રી વૈષ્ણવે ઉમેર્યું કે, ભારતીય રેલ્વે ચોખ્ખી-શૂન્ય ઉત્સર્જન લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે બહુપક્ષીય અભિગમ પર કામ કરી રહી છે. તેમણે ભાર મૂક્યો હતો કે, તે ટ્રાફિકને રસ્તા પરથી રેલ તરફ પરિવર્તિત કરવા અને સ્વચ્છ, હરિયાળા ઉર્જા સ્રોતો સાથેની કામગીરીને વેગવંતી બનાવવામાં ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

મંત્રીએ ભારતીય રેલ્વેની વ્યૂહરચનાઓની રૂપરેખા આપી, ઉલ્લેખ કર્યો કે રેલ્વે ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ પરિવહન પ્રણાલી બનાવવા પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે, છેલ્લા એક વર્ષમાં 700 કરોડથી વધુ મુસાફરોએ મુસાફરી કરી છે.

# NIA- SEARCHES

રાષ્ટ્રીય તપાસ સંસ્થા, NIAએ આતંકવાદ સંબંધિત કેસમાં જમ્મુ અને કાશ્મીરમાં 32 સ્થળોએ દરોડા પાડ્યા છે. આતંકવાદી ષડયંત્ર કેસમાં વિવિધ આતંકવાદી સંગઠનોના ઓવર ગ્રાઉન્ડ કાર્યકરો વિરુદ્ધ ચોક્કસ માહિતીના આધારે વહેલી સવારથી દરોડા પાડવામાં આવી રહ્યા છે.

# ED SEARCH OPERATION

બેંક ઓફ બરોડા સાથેની છેતરપિંડીના કેસમાં સિદ્ધદાતા ઇસ્પાત પ્રાઇવેટ લિમિટેડ અને અન્ય લોકો સામે પ્રવર્તન નિદેશાલયે દસ સ્થળોએ દરોડા પાડ્યા છે, જેમાં બેંક ઓફ બરોડા સાથે લગભગ 190 કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી. દિલ્હી, ગાઝિયાબાદ, નોઇડા અને પાણીપતમાં કંપનીના ડિરેક્ટરો, પ્રમોટરો અને ભાગીદારોના સંબંધિત સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે.

# REV. DAY SIKKIM - STRANDED TOURISTS

સિક્કિમમાં પાક્યોંગ ગ્રીનફિલ્ડ હવાઈમથક પર આજે ચાટેનમાંથી ફસાયેલા પ્રવાસીઓને બહાર કાઢવાની કામગીરી શરૂ થઈ છે. બે MI-17 હેલિકોપ્ટર અત્યાર સુધીમાં સફળતાપૂર્વક બે ઉડાન પૂર્ણ કરી ચૂક્યા છે, જેમાં 63 લોકોને ચેટેનથી પાક્યોંગ હવાઈમથક સુધી પહોંચાડવામાં આવ્યા છે.

પ્રવાસીઓને સિલીગુડી સુધી અવરજવરની સુવિધા પૂરી પાડવા સિક્કિમ સરકારે બસોની વ્યવસ્થા કરી છે. વધુમાં, MI-17 હેલિકોપ્ટર ફસાયેલા પ્રવાસીઓને સુરક્ષિત રીતે બાગડોગરા પહોંચાડવામાં મદદ કરવા તૈયાર છે, જેથી જરૂરિયાતમંદ લોકો માટે સહાય અને સલામત પરિવહન સરળતાથી ઉપલબ્ધ રહે. હવામાનની સ્થિતિને આધારે બપોર સુધીમાં સ્થળાંતર પૂર્ણ થવાની શક્યતા છે.

# INDIA - BANGLADESH TRADE

ઈદ-ઉલ-અઝહાના પ્રસંગે બેનાપોલ લેન્ડ પોર્ટ દ્વારા ભારત અને બાંગ્લાદેશ વચ્ચે નિકાસ અને આયાત પ્રવૃત્તિઓ દસ દિવસ માટે સ્થગિત રહેશે. બાંગ્લાદેશ સરકારના નિર્દેશો મુજબ આજથી આ મહિનાની 14મી તારીખ સુધી વેપાર બંધ રહેશે.

બેનાપોલ પોર્ટ આયાત અને નિકાસ સંગઠનના પ્રમુખે જણાવ્યું કે, આ સમયગાળા દરમિયાન માલનું લોડિંગ અને અનલોડિંગ થશે નહીં. જોકે, આ સમયગાળા દરમિયાન લેન્ડ પોર્ટ પર ઇમિગ્રેશન સેવાઓ રાબેતા મુજબ કાર્યરત રહેશે.

# TRUMP PUTIN TALKS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગત રાત્રે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે એક કલાકથી વધુ સમય સુધી વાત કરી. રાષ્ટ્રપ્રમુખ પુતિને કહ્યું, આ વાતચીત યુક્રેનમાં તાત્કાલિક શાંતિ નહીં લાવે. દરમિયાન તેમણે રશિયા આ અઠવાડિયે યુક્રેન દ્વારા તેના એરપોર્ટ પર કરવામાં આવેલા હુમલાઓનો જવાબ આપશે એવી ચેતવણી પણ આપી. શ્રી ટ્રમ્પે કહ્યું કે, ફોન પર શ્રી પુતિન સાથે 85 મિનિટની વાતચીત સારી હતી, પરંતુ તે એવી નહતી કે તે તાત્કાલિક શાંતિ પુનઃસ્થાપિત કરી શકે. ટ્રૂથ સૉશિયલ પ્લેટફૉર્મ પરની આ વાતચીતની વિગત મુજબ, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે રાષ્ટ્રપ્રમુખ પુતિનને વળતી કાર્યવાહીથી રોકવાનો પ્રયાસ કર્યો નહતો.

તેમના સાથીદારો સાથે ગઈકાલે વર્ચ્યૂઅલ બેઠકમાં શ્રી પુતિને ફરી એકવાર યુક્રેનમાં વ્યાપક યુદ્ધવિરામની શક્યતાને નકારી કાઢી. તેમનો દાવો છે કે, યુદ્ધવિરામ યુક્રેનને ફરી સંગઠિત થવા અને શસ્ત્રો એકત્રિત કરવાનો સમય આપે છે. તે જ સમયે, યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ આ અઠવાડિયાની શરૂઆતમાં રજૂ કરાયેલા રશિયાના શાંતિ પ્રસ્તાવોને માત્ર ચેતવણીઓ ગણાવી.